# ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, અમરેલી

કલેકટર કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી–૩૬૫૬૦૧
ફોન નં. ૨૩૦૭૩૫–૦૨૭૯૨ : ફેકસ નં. ૦૨૭૯૨–૨૨૧૬૦૦
ઈ–મેઈલ :– dismgmt-amr@gujarat.gov.in


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ન. ડીઝા/કોરોના વાયરસ/વશી/ ૨૩૫૯ /૨૦૨૦ તા.૦૩/૦૫/૨૦૨૦

**વંચાણે લીધા :–**

(૧)મીનીસ્ટ્રી ઓફ હોમ અફેર્સ, ભારત સરકારશ્રીની ગાઈડલાઈન નં.૪૦–૩/૨૦૨૦-DM-I(A), તા.૦૧/૦૫/૨૦૨૦

(૨)કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય,ભારત સરકારશ્રીના અ.સ.પત્ર ક્રમાંકઃDO No.7/28015/19/2020-EMR, તા.૩૦/૦૪/૨૦૨૦

(૩)ઉપ સચિવશ્રી,ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૨૪/૨૦૨૦/વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૩/૦૫/૨૦૨૦

DISTRICT MAGISTRATE AMRELI GUJARAT STATE

**વિષય :– નોવેલ કોરોના વાયરસ(COVID-19) અંતર્ગત અતિ આવશ્યક સેવાઓના સમય નિયમન બાબત**

## // હુકમ //

**૧.** હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) ને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ નોવેલ કોરોના વાયરસ(COVID-19) ના કેસો વધુ નોંધાયેલ છે. જે અન્વયે ભારત સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૫/૨૦૨૦ થી લોકડાઉન જાહેર કરેલ હતુ. જે વંચાણક્રમ–૧ ની ભારત સરકારશ્રીની તા.૦૧/૦૫/૨૦૨૦ ની ગાઈડલાઈનથી લોકડાઉન તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. તેમજ સદરહું ગાઈડલાઈનના નિર્દેશો પ્રમાણે રાજયના જિલ્લાઓને સંક્રમણના જોખમના આધારે રેડ ઝોન(હોટસ્પોટ), ઓરેંજ ઝોન તથા ગ્રીન ઝોનમાં વિભાજિત કરી ઝોન પ્રમાણે પ્રવૃત્તિઓ કાર્યરત કે પ્રતિબંધિત રાખવા બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ વંચાણક્રમ–૩ ના ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૩/૦૫/૨૦૨૦ ના જાહેરનામાથી પ્રતિબંધિત પ્રવૃત્તિઓમાં ઉમરો કરવામાં આવેલ છે.

**૨.** વંચાણક્રમ–૨ ના કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય,ભારત સરકારશ્રીના તા.૩૦/૦૪/૨૦૨૦ ના અ.સ.પત્રથી અમરેલી જિલ્લાને ગ્રીન ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે.

**૩.** સબબ, સરકારશ્રીની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઈ સમગ્ર અમરેલી જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબની પ્રવૃત્તિઓ પ્રતિબંધિત રહેશે.

**૪.પ્રતિબંધિત પ્રવૃત્તિઓઃ–**

(૧)સામાન્ય મુસાફરો માટેની હવાઈયાત્રા

(૨)સામાન્ય મુસાફરો માટે રેલવે મુસાફરી

(૩)જિલ્લા બહારના વિસ્તારોમાં પરિવહન સેવા

(૪)વ્યકિતઓની અન્ય જિલ્લા/ રાજયમાં અવર જવર

(૫)તમામ શાળાઓ, કોલેજો, શૈક્ષણિક/ તાલીમ/ અનુશિક્ષણ સંસ્થાઓ, તમામ પ્રકારના કલાસિસ વિગેરે

(૬)આતિથ્ય(Hospitality)સેવાઓ સિવાય કે આવાસન આરોગ્ય/ પોલીસ/ સરકારી અધિકારી/ હેલ્થ વર્કર/ ફસાયેલા વ્યકિતઓ જેમા પ્રવાસીઓ તથા કવોરન્ટાઈન કરવા માટે ઉપયોગમાં લેવાતી સંસ્થાનો સમાવેશ થતો હોય.

(૭)તમામ સિનેમા હોલ, શોપીગ મોલ, જિમ્નેશિયમ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સ્નાનાગારો, મનોરંજન સ્થળો, થીએટર, બાર, તથા નાટ્યગૃહો તેમજ જાહેર જનતા એકત્રીત થતી હોય તેવા તમામ સ્થળો

(૮)તમામ સામાજિક, રાજકીય, રમત–ગમત, મનોરંજક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો તેમજ તેવા પ્રકારના અન્ય મેળાવડા

(૯)તમામ ધાર્મિક સ્થળો, પુજા, બંદગીના સ્થળો જાહેર જનતા માટે બંધ રહેશે. ધાર્મિક મેળાવડા પર સખત પ્રતિબંધ રહેશે.

(૧૦)દારૂની દુકાન(પરમીટ શોપ), પાન–ગુટખા તથા તમાકુંનું વેચાણ કરતી દુકાનો(પાન પાર્લર)

(૧૧)હોટલ, રેસ્ટોરન્ટ, ખાણી પીણીની દુકાનો તથા ખાણી પીણીની લારીઓ (રેસ્ટોરન્ટ હોમ ડીલીવરી કરી શકશે.)

DISTRICT MAGISTRATE GUJARAT

## <u>પ.ગ્રીન ઝોનમાં પ્રવૃત્તિઓ(વિશેષ સ્પષ્ટતા):–</u>

(૧)પેરા–૪ માં ઉલ્લેખ કર્યા સિવાયની <u>તમામ પ્રવૃત્તિઓ સવારના ૭ કલાકથી સાંજના ૪ કલાક સુધી</u> કાર્યરત રહી શકશે.

(૨)જિલ્લાની અંદર સરકારી પરીવહન માટે બસોમાં કુલ મર્યાદાના ૫૦% ક્ષમતા સુધીના મુસાફરો મુસાફરી કરી શકશે.

(૩)બસ ડેપોમાં પણ ૫૦% ક્ષમતા સુધી કાર્યરત રહેશે.

***(૪)અમરેલી, બાબરા, સાવરકુંડલા તથા રાજુલા નગરપાલિકા માટે મુખ્ય બજાર/ ગીચ વિસ્તારમાં આવેલી દુકાનોમાં પર્યાપ્ત સોશિયલ ડીસ્ટન્સીગ જળવાય છે કે કેમ? તે બાબત સુનિશ્ચિત કરવાની થતી હોય જેથી સંબંધિત ઈન્સીડન્ટ કમાન્ડન્ટ–વ–સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા કેટલી દુકાનો/ એકમો શરૂ કરવાપાત્ર જણાય છે, તે બાબતે ઈલાયદી માર્ગદર્શિકા/ હુકમ જાહેર કરવાના રહેશે.***

## <u>૬.શરતો :–</u>

ઉકત પ્રતિબંધિત સિવાયની પ્રવૃત્તિઓ નીચે જણાવેલ શરતોને આધિન રહેશે.

(૧)સક્ષમ ઓથોરીટી તરફથી કોઈ સૂચના, માર્ગદર્શિકા, હુકમો બહાર પાડવામાં આવે તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨)દુકાન પર આવનાર તમામ વ્યકિતઓએ ઓછામાં ઓછું ૬ ફુટ સામાજિક અંતર(સોશિયલ ડીસ્ટન્સિંગ) રાખી કામ કરવાનું રહેશે. તેમજ અરજદારો માટે લઘુત્તમ અંતર જળવાય તે માટેના નિશાનો(સર્કલ) કરવાના રહેશે.

(૩) દુકાન પર આવનાર તમામ વ્યકિતઓ તથા ગ્રાહકોએ દ્વારા ફેસમાસ્ક/ ચહેરાના રક્ષણાત્મક કવરનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે. તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે અથવા હાથ સાફ કરવા સાબુ, પાણી ઉપલબ્ધ કરાવવાનું રહેશે તેમજ સ્વચ્છતા રાખવાની રહેશે. દરેક વ્યકિત ઓછામાં ઓછી ૨૦ સેકન્ડ સુધી સાબુ વડે હાથ સાફ કરે તેની તકેદારી રાખવાની રહેશે.

<u>(૪) દુકાનનું સ્થળ ભવિષ્યમાં હોટસ્પોટ/કન્ટેઈન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવે તો તાત્કાલિક બંધ કરવાનું રહેશે.</u>

(૫)ડીસ્પોઝેબલ માસ્ક પહેરીને પ્રવેશતા વ્યકિતઓ માસ્ક જયાં ત્યાં ફેંકે નહી તેની કાળજી લેવાની રહેશે તેમજ ડીસ્પોઝેબલ માસ્કના નિકાલ માટે બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ ગાઈડલાઈનના મુજબ ડીસ્પોઝેબલ પ્લાસ્ટીક બેગ તથા ડસ્ટબીનની વ્યવસ્થા કરવાની રહેશે.

(૬)એવા તમામ વિસ્તારો કે ગ્રાહકો/ કારીગરોનો સ્પર્શ વધારે થતો હોય, જેવા કે, દરવાજાનું હેન્ડલ, ટેલીફોન, રેલીંગ્સ, લાઈટની સ્વીચ, દિવાલનો એરીયા તથા કોમ્પ્યુટરનાં ટચ પેડ અને કી–પેડ જેવા સ્થળોનું ૧% સોડીયમ હાઈપોક્લોરાઈટથી દરરોજ ડીસઈન્ફેકશન કરવાનું રહેશે. ડેમ્પ કાપડથી સદરહું વિસ્તારો ડીસઈન્ફેકશન કરવાનાં રહેશે. ત્યાં સ્પ્રે કરવો નહી.

(૭) ઉકત કામગીરી નો સમય સવારના ૭:૦૦ કલાકથી સાંજના ૪:૦૦ કલાક સુધીનો નક્કી થયેલ છે. તે અતિઆવશ્યક સેવાઓ સિવાયની બાબતો માટે નક્કી થયેલ છે.

(૮)દરેક દુકાનદારોએ આ હુકમની નકલ સંસ્થા/ દુકાન/એકમ પર દરેક વ્યકિત વાંચી શકે તે રીતે ફરજિયાત પણે ચોંટાડવાની રહેશે. તેમજ સંસ્થા/ દુકાન/એકમ પર આવતા વ્યકિતઓને અમલવારી કરવા માટે સમજૂત કરવાના રહેશે.

(૯)દરેક દુકાનમાં આવશ્યક સિવાય કોઈ પણ મુલાકાતી પ્રતિબંધિત રહેશે તેમજ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ તળે જેટલા ગુમાસ્તા(કામદારો)ની સંખ્યા નક્કી થયેલ હોય તેના ૫૦% સ્ટાફ સાથે દુકાન કાર્યરત રહેશે.

(૧૦)ભવિષ્યમાં હોટસ્પોટ અને સંક્રમિત વિસ્તાર તરીકે જાહેર થયેલ વિસ્તારમાંથી તેમજ વિસ્તાર બહારના કર્મચારી/કામદારોને કામ પર બોલાવી શકાશે નહી. તેમ છતાં આકસ્મિક ચકાસણી દરમિયાન આવી કોઈ બાબત ધ્યાને આવશે તો સંબંધિત દુકાનદારની સામે ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧)દરેક દુકાનદાર/ એકમના માલિક તથા તેમા કામ કરતા તમામ કામદારોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી ઉપયોગ કરવાનો રહેશે. તેમજ દુકાન/ એકમ પર આવનાર ગ્રાહકો/ વ્યકિતઓ પણ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૨)ફરસાણ, મીઠાઈ તથા રાંધેલા ખોરાકનું વેચાણ કરતી દુકાનો/ એકમોમાં અગાઉના વાસી ખોરાક/ માલસામાનનો સંપૂર્ણ નિકાલ કરી દુકાન/ એકમને ડીસઈન્ફેકશન કરવાનું રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ દુકાન/ એકમ શરૂ થયેલ છે તે અંગેની જાણ એકમના માલિક/ સંચાલકે શહેરી વિસ્તારમાં સંબંધિત નગરપાલિકાના ચીફ ઓફીસરશ્રી, ફુડ સેફટી ઓફીસરશ્રી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત ગ્રામ પંચાયત તેમજ ખોરાક અને ઔષધ નિયંત્રણના ફુડ સેફટી ઓફીસરશ્રીને કરવાની રહેશે. સક્ષમ ઓથોરીટી દ્વારા યોગ્ય કાર્યવાહી થયા બાદ દુકાન/ એકમ શરૂ થયેલ છે તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧૩)અગાઉ ખાસ હુકમોથી જે પ્રવૃત્તિ/ એકમોને કાર્યરત કરવા માટે પરવાનગી આપવામાં આવેલ છે તે હુકમમાં દર્શાવેલ કામદારો/ કારીગરોની સંખ્યા તથા અન્ય શરતો સમયમર્યાદા સિવાય યથાવત રહેશે.

(૧૪)૧૦ વર્ષથી નીચેના બાળકો, ૬૫ વર્ષથી ઉપરના વ્યકિતઓ, સગર્ભા સ્ત્રીઓ, અન્ય શારીરિક અસ્વસ્થતા ધરાવતા વ્યકિતઓ માટે લોકડાઉન યથાવત રહેશે. જેથી અતિઆવશ્યક કામગીરી તથા મેડીકલ સારવાર સિવાય આવા વ્યકિતઓ ઘરની બહાર નિકળી શકશે નહી.

(૧૫)રાજય પરીવહન વિભાગની સેવાઓની સમયમર્યાદા સંદર્ભે રાજય પરીવહન ઓથોરીટી દ્વારા જે સમય નક્કી કરવામાં આવશે તે પાલન કરવાનું રહેશે.

(૧૬)ઉકત જાહેરનામામાં મુકિત આપેલ બાબતો અન્વયે અર્થઘટનના પ્રશ્ન ઉપસ્થિત થયેથી ભારત સરકારશ્રી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક–૧ ના તા.૦૧/૦૫/૨૦૨૦ ના અંગ્રેજી ભાષામાં પ્રસિધ્ધ થયેલ આદેશ આખરી ગણવાનો રહેશે.

**૭.અપવાદઃ-**

આ હુકમ ખાસ સરકારી ફરજ પરના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ/ કરાર આધારીત કર્મચારીઓને બંધનકર્તા રહેશે નહી તેમજ ખાસ હુકમથી જે કોઈને મુકિત આપવામાં આવેલ છે તેવા વાહનો તથા વ્યકિતઓને લાગું પડશે નહી. ફરજ પરના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ/ કરાર આધારીત કર્મચારીઓએ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી આપવામાં આવેલ ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે. સદરહું ઓળખકાર્ડ પર્યાપ્ત રહેશે. આ સિવાય અન્ય કોઈ ઓળખકાર્ડ/ પાસની જરૂરીયાત રહેશે નહી.

**૮.શિક્ષાઃ-**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન થાય તે સબબની તકેદારી લગત અધિકાર ક્ષેત્રના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી(હેડકવાર્ટર), અમરેલી; લગત અધિકાર ક્ષેત્રના મામલતદારશ્રી, લગત અધિકાર ક્ષેત્રના તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા લગત અધિકાર ક્ષેત્રના ચીફ ઓફીસરશ્રીએ રાખવાની રહેશે.

(આયુષ ઓક)
કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ
અમરેલી

**નકલ રવાના :-**

(૧)જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી
(૨)પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી
(૩)ઈન્સીડન્ટ કમાન્ડન્ટ-વ-સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,..................(તમામ)
(૪)નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (હેડકવાર્ટર), અમરેલી
(૫)નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલી
૨/-સદરહું હુકમની સ્થાનિક વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ.
(૬) મામલતદારશ્રી,...................(તમામ)
(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, ..................(તમામ)
(૮) ચીફ ઓફિસરશ્રી.............(તમામ)
(૯) વેપારી એસોશિયેશન...................